નિયામકશ્રી. સમાજ સુરક્ષા હસ્તકની કાયદા
સલાહકારની નવી મંજુર થયેલ ૦૧(એક)
હંગામી જગ્યાની મુદત વધારવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૫/૮૩૩૬૭૩/ન.બા.૫/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૯/૦૨/૨૦૧૯

## વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૫/૮૩૩૬૭૩/ન.બા.૫/છ

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૫/૦૫/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૫/૮૩૩૬૭૩/ન.બા.૫/છ

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા:-૦૨/૦૨/૨૦૧૯ ના પત્ર ક્રમાંક: મકમ/હંગામીજગ્યા/મુદત વધારો/૧૮-૧૯/૧૪૭૪

## પ્રસ્તાવના:-

આમુખમાં દર્શાવેલ ક્રમ-૧ પરના આ વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૬ના ઠરાવથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી, ગાંધીનગર માટે કાયદા સલાહકારની ૦૧(એક) નવી જગ્યા ૧૧ માસના કરાર આધારીત ફિકસ પગારના ધોરણે ભરવા ઉભી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના વિભાગના તા.૦૫/૦૫/૨૦૧૮ના ઠરાવથી આ જગ્યા તા. ૨૮/૦૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક:-(૩) પરના તા. ૦૨/૦૨/૨૦૧૯ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્ત અનુસાર નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરી, ગાંધીનગર ખાતેની કાયદા સલાહકારની ઉક્ત ૦૧(એક) જગ્યા હાલમાં ભરાયેલ હોઇ તેમજ આ જગ્યાની વહિવટી જરૂરીયાતને લક્ષમાં લેતા તેમજ આ જગ્યા ચાલુ રાખવી અત્યંત જરૂરી હોઇ તા.૨૯/૦૨/૨૦૨૦ સુધી વધુ એક વર્ષ માટે ચાલુ રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની નવી ઉભી કરેલ કાયદા સલાહકારની સદરહુ ૦૧(એક) જગ્યાને આ વિભાગના તા.૧૭/૦૫/૨૦૧૬ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ શરતો અને બોલીઓને અધિન વધુ એક વર્ષ તા. ૨૯/૦૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

હંગામી જગ્યાઓ ચાલુ રાખવાની મંજુરી મેળવવાની દરખાસ્ત જે તે નાણાકીય વર્ષ પુરૂ થવાના બે માસ અગાઉથી રજુ કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રી(સા.ન્યા)ની તા.૧૬/૦૨/૨૦૧૯ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબ-સાઇટ પર મુકવાની વિનંતી સહ
- સિલેકટ ફાઇલ